# સાબરકાંઠા પાસ દ્વારા રાજયના ૪૫ પાટીદાર ધારાસભ્યોને બંગડી તથા લોલીપોપ મોકલાશે

ગુજરાતમાં છેલ્લા એક વર્ષ કરતા વધુ સમયથી પાટીદાર અનામત આંદોલન ચાલી રહ્યુ હોવા છતાં તેનો નિવેડો આવ્યો નથી ત્યારે પાટીદારો દ્વારા આ અનામત આંદોલનને ફરીથી ચેતનવંતુ બનાવવાના કરાયેલા નિર્ણય બાદ રવિવારે હિંમતનગર ખાતે પાસની ઓફીસમાં રાજયના ૪૫ પાટીદાર ધારાસભ્યોને સબક શીખવાડવાના આશયથી લોલીપોપ અને બંગડી મોકલવાની તૈયારીઓ કરાઇ રહી છે.

આ અંગે સાબરકાંઠા પાસના કન્વીનર રવિ પટેલના જણાવાયા મુજબ ગુજરાતમાં એક વર્ષ કરતા વધુ સમયથી ચાલી રહેલા અનામત આંદોલનમાં અંદાજે ૧૪ યુવાનોએ સમાજ માટે શહીદી વ્હોરી છે તેમ છતાં સરકારના પેટનું પાણી હાલતું નથી અને ખોટા આશ્વાસનો તથા યોજનાઓ બનાવી પાટીદારોને ગુમરાહ કરાઇ રહ્યા છે.

બીજી તરફ ગુજરાતની ૪૫ બેઠકો પરથી ચૂંટાયેલા ભાજપના ૩૬ અને કોંગ્રેસના ૯ ધારાસભ્યો જાણે કે પક્ષ અને સરકારના દબાણમાં આવી જઈને સમાજ માટે કંઇ કરી શકવા આગળ આવ્યા નથી. જેથી આ પાટીદાર ધારાસભ્યોને સાબરકાંઠા પાસ દ્વારા પોસ્ટ અને કુરીયર મારફતે બંગડીઓ અને લોલીપોપ મોકલવાનો નિર્ણય કરાયો છે.

જે અંતર્ગત રવિવારે હિંમતનગરના સહકારીજીન વિસ્તારમાં આવેલ મારૂતીનગર પાસે આવેલ એક કોમ્પલેક્ષની ઓફીસમાં પાસના અગ્રણીઓ તથા જિલ્લા અન્ય સ્થળેથી આવેલા કાર્યકરોએ ૪૫ ધારાસભ્યોને બંગડી અને લોલીપોપ મોકલવા માટેના બોક્ષ તૈયારી કરી દીધા છે. જેને પોસ્ટ અથવા કુરીયર મારફતે સોમવારે રવાના કરવામાં આવશે.

આ અંગે ઉત્તર ગુજરાત પાસ ના પ્રવક્તા રવિ પટેલે જણાવેલ કે વિધાનસભાના ઉપાધ્યક્ષ આત્મારામ પરમારની પ્રશંશા કરવામાં આવી હતી.ઉના દલિત કાંડ મુદ્દે તેમણે હોદ્દા કરતા સમાજની સાથે તેઓ પહેલા રહેશે આવું જણાવેલું ત્યારે પાસ દ્વારા આત્મારામ પરમારનું ઉદાહરણ આપી ભાજપના પાટીદાર ધારસભ્યો અને મંત્રીઓને ટાર્ગેટ કરાયા છે.અને પાટીદાર વોટથી જીતેલા ભાજપ અને કોંગ્રેસના ધારસભ્યો જય સરદાર બોલતા અને પાટીદાર શહીદ યુવાનોને શ્રદ્ધાંજલિ આપતા પણ અચકાતા હોઈ જેને કારણે પાસ ધ્વારા આ કાર્યક્રમ કરવો પડ્યો હોવાનું રવિ પટેલે જણાવ્યું હતું.આજે પાર્સલ તૈયાર કરાયા છે.તો આવતી કાલે આ પાર્સલ પોસ્ટ દ્વારા તેમને મોકલી અપાશે

ઉલ્લેખનીય છે કે પાટીદાર અનામત આંદોલને ગુજરાતમાં મુખ્યમંત્રીની ખુરશીને હાલક ડોલક કરી કેટલાક ફેરફારો કરવાની ફરજ પાડી છે ત્યારે આગામી દિવસોમાં પાટીદાર અનામત આંદોલન વેગવંતુ બન્યા બાદ ગુજરાતના રાજકારણનું શિનારીયો બદલાઈ જવાની શકયતા નકારી શકાતી નથી. જેના માટે પાટીદારો ભૂગર્ભમાં કેટલીક પ્રવૃતિઓ પણ ચલાવી રહ્યા હોવાનું આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.



ભિલોડામાં ત્રિરંગા યાત્રા સંદર્ભે બાઈક રેલીનું શ્રી મુધણેશ્વર મહાદેવ મંદીર ચોકમાંથી બાઈક રેલીનું પ્રસ્થાન કરાયું હતું. આ પ્રસંગે સાબરકાંઠા જીલ્લા ભાજપ સાંસદ દિપસિંહ રાઠોડ,અરવલ્લી જીલ્લા ભાજપ સંઘઠન પ્રમુખ રણવીરસિંહ ડાભી, ઉપપ્રમુખ નીલાબેન મડીયા, સહિત ભાજપના હોદ્દેદારો, કાર્યકરો મોટી સંખ્યામાં ત્રિરંગા યાત્રા સંદર્ભે બાઈક રેલીના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જોડાયા હતા. ત્રિરંગા યાત્રા સંદર્ભે ૨૦૦ થી વધુ બાઈક સવારો બાઈક રેલીમાં જોડાયા હતા.ત્રિરંગા યાત્રા દરમ્યાન બાઈક સવારો ત્રિરંગા લઈને વિવિધ ગ્રામ્યવિસ્તારોમાં ફર્યા હતા.

# બાલારામ દશામાની મૂર્તિ વિસર્જનથી બન્યું ગંદકીનુ ધામ

## પ્લાસ્ટિક ઓફ પેરીસની મૂર્તિઓ નદીને કરે છે પ્રદૂષિત

પાલનપુર, તા. ૨૨

ઉત્તર ગુજરાતનું મીની કાશ્મીર ગણાતા બાલારામ મહાદેવ ખાતે દશામાની મૂર્તિઓનું વિસર્જન કરાતા દેવાતા નદીની સુંદરતાને ગ્રહણ લાગવાની સાથે લોકોની ધાર્મિક આસ્થાને પણ ઠેસ પહોંચી છે.

પ્રકૃતિના ગોદમાં બિરાજમાન બાલારામ ધામ ગંદકીના ધામમાં ફેરવાયું છે. સરકારના પ્રતિબંધ છતાં પ્લાસ્ટિક ઓફ પેરીસની બનેલી મૂર્તિઓ બાલારામ નદીમાં પધરાવી



બાલારામ મહાદેવ ખાતે બારેમાસ સહેલાણીઓ આવતા હોય છે. એમાંય વળી, શ્રાવણમાસમાં તો ભક્તિનું ઘોડાપુર ઉમટે છે. જો કે દશામાના વ્રતની પુર્ણાહૂતિ ટાણે વ્રતધારી બહેનો દ્વારા બાલારામ નદીમાં દશામાની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું છે. જેના પગલે ફેલાયેલી ગંદકીને કારણે શિવભક્તો સહિત સહેલાણીઓએ નારાજગી વ્યક્ત કરી હતી. નદીમાં ન્હાવાની મજા માણવા બાલારામ આવેલા બાલ શિવભક્તોએ આ ઘટનાને દશામાના અપમાન સમી લેખાવી હતી.

સરકારે પ્રતિબંધ મુક્યો હોવા છતાં બાલારામ નદીમાં મોટાપાયે પ્લાસ્ટિક ઓફ પેરીસની દશામાની મૂર્તિઓ સહિતની પુજા-સામગ્રીને પધરાવવામાં આવી છે. જે પગમાં ખુંદાતી હોઈ લોકોની ધાર્મિક લાગણી દુભાવાની સાથે નદી પણ પ્રદૂષિત થઈ રહી હોવાની લાગણી કેટલાક શિવભક્તોએ વ્યક્ત કરી હતી.

# અણિયોર ગામે દેના બેંકનું એટીએમ શોભાના ગાંઠિયા સમાન

અરવલ્લી, તા. ૨૨

ભારત દેશમાં નેશનલાઈઝ, પ્રાઈવેટ તેમજ સહકારી બેંકોમાં ગ્રાહકોને ઉત્તમ સુવિધા મળી રહે તેમજ ગ્રાહકો મેળવવા સતત નિતનવા કોન્સેપ્ટ દ્વારા ગ્રાહકોને આકર્ષી રહી છે. ગ્રાહકોને નાણા મેળવવા માટે ૨૪ કલાક દરમ્યાન ગમે તે સમયે નાણા સહેલાઈથી મળી રહે તે માટે બેંકો દ્વારા શહેરો અને શોભાના ગાંઠીયા સમાન બની રહ્યું છે. અણીયોર ગામના એક જાગૃત દુકાનદારના જણાવ્યા અનુસાર દેના એટીએમ ચોવીસ કલાક કાર્યરત રહેવાના બદલે ફક્ત બેંકના સમય દરમિયાન જ ખુલ્લુ રહે છે. ૨૪ કલાકના બોર્ડની સામે ફક્ત સવારે ૧૦ થી સાંજના ૬ વાગ્યા સુધી તેમજ બીજા અને ચોથા શનિવારે તમામ રવિવારે અને જાહેર રજાના દિવસે એટીએમના શટર બંધ રહેતા



ગ્રામ્ય વિસ્તારોમાં એટીએમની સુવિધા ઉભી કરી સુવિધાના નામે ગ્રાહકો પાસેથી તેમના બચત કે ચાલુ ખાતામાંથી ફી વસુલવામાં આવે છે. તેમ છતાં મોટાભાગના એટીએમ નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં બગડી ગયેલા કે પછી ટેકનીકલ ખામી ક્ષતિગ્રસ્ત રહેતા હોવાથી ગ્રાહકોને એટીએમના ધરમધક્કા ખાવા પડતા હોય છે.

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના વિકસીત અને સમૃદ્ધ અણિયોર ગામે આવેલ દેના બેંક દ્વારા મુકાયેલા 'દેના એટીએમ' મશીન અણીયોર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકો માટે પ્રજાજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. શહેરી વિસ્તારમાં રહેતા પ્રજાજનો તેમના વતનમાં એટીએમમાંથી રૂપિયા ઉપાડી લેશે તેવા ભરોસે ખાલી ખીસ્સે અણિયોર રજા ગાળવા આવે ત્યારે તેમની હાલત કફોડી બને છે તેમજ દેના એટીએમ કાર્ડ ધારકો પાસેથી સર્વિસના નામે ફી વસુલ કરે છે અને એટીએમની સર્વિસના નામે ઠીંગો બતાવતી હોય તેવી હાલત અણિયોર ગામના દેના એટીએમ પરથી સાબિત થાય છે. બેંકના ગ્રાહકોના જણાવ્યા મુજબ આ એટીએમ ૨૪ કલાક ચાલુ રહે તેવી ઉગ્ર માંગ પ્રબળ બની છે ત્યારે સત્તાવાળાઓ ઝડપી ઉકેલ લાવે તે જરૂરી છે.

# મેઘરજ તાલુકાના કસાણા ગામે સરકારી આઈટીઆઈનો પ્રારંભ

મેઘરજ, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના કસાણા ગામે મેઘરજ કસાણા સેવા મંડળના સહકારથી મનસુખલાલ દેસાઈ આીટીઆઈ સંસ્થા (સરકારી) અરવલ્લી જિલ્લાના કલેક્ટર શાલીની અગ્રવાલના હસ્તે ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું.

સદર સરકારી આઈટાઈમાં સાત જેટલા ટ્રેડ અને ૨૬૧ તાલીમાર્થીઓની સુવિધા આ સંસ્થામાં ગોઠવાશે. સેવા મંડળ મેઘરજ કસાણાના અગાઉના સતત પ્રયત્નો અને મેઘરજના મૂળ વતની મનસુખલાલ છગનલાલ દેસાઈ ટ્રસ્ટના સહયોગથી આ આઈટીઆઈ સંસ્થા એસ.ટી.ની ૧૦૦ ટકા વસ્તી ધરાવતા ઊંડાણના ગામોના વિદ્યાર્થીઓના લાભ માટે શરૂ કરવામાં આવી છે.

આ સંસ્થા માટે સેવા મંડળના સંચાલક નંદલાલભાઈ દોશીએ સેવા મંડળીની ૫ એકર જમીન તથા મકાનોના બાંધકામ માટે ૧૦ ટકા મુજબનો ફાળો રૂ. ૬૦ લાખ આપેલ છે જેમાં રૂ. ૧૦ લાખ મનસુખલાલ દેસાઈ ટ્રસ્ટે આપ્યો છે.

આ વિભાગમાં સરકારી આઈટીઆઈ શરૂ થતાં માનડા-ઢીંકવા, મોટી પંડુલી, છીકારી ફૂટા મોરી નિલકંઠ ઉકરડી વડથલી મુન્શીવાડા, પંચાલ જેવા ૨૦ થી વધુ ગામોના વિદ્યાર્થી ભાઈઓ બહેનોને ઘર આંગણે તાલીમ મળશે અને રોજગારી મેળવશે. વાલીઓમાં આનંદ પ્રસર્યો હતો.

# પોશીનાની સેઈ અને સાબરમતીમાં ફસાયેલા ત્રણ યુવકોને બચાવી લેવાયા

રાજસ્થાનમાં પડેલા ભારે વરસાદને કારણે પોશીના તાલુકાની સેઈ અને દેલવાડા પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં રવિવારે અચાનક આવેલા ઘોડાપુરમાં નદીમાં ચરતા પશુઓને લેવા માટે ગયેલા ત્રણ યુવાનો ફસાયા હતા. જેમાં પોશીના તાલુકાના ખંઢોળા ગામના યુવાનને ૧૭ કલાક બાદ, જયારે દેલવાડાના બે યુવાનોને કલાકોની જહેમત બાદ ગ્રામજનો તથા તંત્રની મદદથી સોમવારે વહેલી સવારે બહાર કઢાયા હતા. જેના કારણે તેમના પરિવારજનોમાં જીવમાં જીવ આવ્યો હતો. પોશીનાના મામલતદાર એલ.એમ.અસારી, તાલુકા વિકાસ અધિકારી એ.જે.ભાંભી, નાયબ મામલતદાર એસ.સી.ગોતીયા તથા પોશીના પી.એસ.આઇ. એસ. વી. ચૌધરીના જણાવાયા મુજબ ખંઢોળા ગામના કિરણભાઈ નાણાંભાઈ ખંઢોળા રવિવારે ૨-૩૦ કલાકે સેઈ નદીમાં ગયો હતો. ત્યારબાદ અચાનક પુર આવતા તે નદીમાં આવેલ પથ્થરના બેટ પર જઈને બેસી ગયો હતો. ત્યારબાદ આ અંગે વહીવટી તંત્રને જાણ થતાં ઈડર, હિંમતનગરના ફાયર બ્રિગેડને બોલાવાઇ હતી અને રવિવારે સાંજે ૫-૩૦ કલાકે ટીમોએ આવીને યુવકને બચાવવાના પ્રયાસ કર્યા હતા. પરંતુ રાત્રિનો અંધકાર થઈ જતા ફાયર બ્રિગેડના જવાનો પાણીમાં ન જઈ શકતા તરત જ હિંમતનગર કલેકટર પી.સ્વરૂપને જાણ કરાઇ હતી.

બીજી તરફ વહીવટી તંત્રએ આખી રાત સેઇ નદી કિનારે રહીને લાઇટની વ્યવસ્થા ઉપલબ્ધ કરી યુવકને હિંમત આપવાના પ્રયાસ ચાલુ રાખ્યા હતા.

# પ્રાંતિજ ખાતે સુન્ની મુસ્લિમ વ્હોરા જમાતની મહિલા મંડળ દ્વારા મહિલા હજયાત્રીઓનું સન્માન કરાયુ



## આ પ્રસંગે એક બીજાને ભેટી ખુશીના આંસુ જોવા મળ્યા : પ્રાંતિજના ઈતિહાસમાં સૌ પ્રથમવાર એક સાથે ૫૯ જેટલાં હજયાત્રીઓ હજપઢવા જશે : ૩૦ મહિલાઓ અને ૨૯ પુરૂષો સહિત કુલ ૫૯ હજયાત્રીઓ હજ પઢવા જશે

પ્રાંતિજ, તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ઈસ્લામ ધર્મના અનુયાયીઓ પૈકી એક સાથે ૫૯ જેટલા હજયાત્રીઓ હજ પઢવા જવાનાં હોઈ તેમણું સન્માન સમારંભનો કાર્યક્રમ યોજાયો હતો .

પ્રાંતિજ શહેરના ઈતિહાસમાં સૌ પ્રથમ વાર એક સાથે ૫૯ જેટલા હજયાત્રીઓ હજ પઢવા જઈ રહ્યા છે તેમાં સુન્ની મુસ્લિમ વ્હોરા જમાત દ્વારા હજયાત્રીઓને સન્માનવા પ્રાંતિજ વ્હોરા જમાતખાના ખાતે મુસ્લિમ મહિલા મંડળના પ્રમુખ દ્વારા ૩૦ જેટલી મહિલાઓનું સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સન્માન માટે લાંબી લાંબી કતાર જોવામળી હતી અને મહિલા હજયાત્રીઓને ભેટી તેમણી યાત્રા સફળ રહે તે માટે દુવાઓ કરવામાં આવી હતી આ સમયે ખુશીના આંસુ પણ જોવા મળ્યા હતા.

જયારે રાત્રીના સમયે ૨૯ પુરૂષ હજયાત્રીઓ ઓના પણ સન્માન કાર્યક્રમ યોજાશે જેમાં પ્રાંતિજ શહેરના આગેવાનો સહિત સમાજ ના લોકો ઉપસ્થિત રહીને એક બીજાને શુભકામના પાઠવશે.

# પ્રેસ કલબ ઓફ ડીસાના પ્રમુખપદે નીતિનભાઈ પટેલની બિનહરીફ વરણી

## ઉપપ્રમુખ પદે હરેશભાઈ ઠાકોર : મહામંત્રી પદે જવાબદારી હિતેશ રાજપુત



ડીસા, તા.૨૨

બનાસકાંઠાના ડીસા ખાતે પ્રિન્ટ અને ઈલેક્ટ્રીક મિડીયામાં કાર્યરત પત્રકાર મિત્રોના મજબુત સંગઠન એવા પ્રેસ કલબ ઓફ ડીસાના પ્રમુખ પદે નીતિનભાઈ પટેલની વરણી કરાઈ છે. જ્યારે પ્રેસ કલબ ઓફ ડીસાના ઉપપ્રમુખ તરીકે હરેશભાઈ ઠાકોર અને મહામંત્રી તરીકે હિતેશભાઈ રાજપુતની નિયુક્તિ કરાઈ છે.

ડીસા શહેરમાં કાર્યરત પત્રકાર મિત્રોની એક બેઠક ગતરોજ ઉષ્માભર્યા માહોલમાં યોજાઈ હતી. બી.કે.ન્યૂઝ દૈનિકના તંત્રી અને માલિક તપનભાઈ જયસ્વાલ, રાકેશભાઈ પટેલ તેમજ પ્રેસ કલબ ઓફ ડીસાના પૂર્વ પ્રમુખ અતુલભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં પ્રેસ કલબ ઓફ ડીસાના નવા હોદ્દેદારોની વરણીની પ્રક્રિયા વય ધરાવતા તપનભાઈ જયસ્વાલે પ્રેસ કલબ ઓફ ડીસાના પ્રમુખ તરીકે દિવ્ય ભાસ્કર દૈનિકના સંવાદદાતા નીતિનભાઈ પટેલનાં નામની દરખાસ્ત રજુ કરી હતી. જેને ઉપસ્થિત સૌ પત્રકાર મિત્રોએ વધાવી લેતાં પ્રેસ કલબ ઓફ ડીસાના પ્રમુખ પદે નીતિનભાઈ પટેલને બિનહરીફ ચૂંટાયેલ જાહેર કરાયા હતા. બાદમાં પ્રેસ કલબ ઓફ ડીસાના ઉપપ્રમુખ તરીકે બી.કે.ન્યૂઝ ચેનલના હરેશભાઈ ઠાકોર તેમજ મહામંત્રી તરીકે બી.કે.ન્યૂઝ દૈનિકના હિતેશભાઈ રાજપુતની પણ બિનહરીફ વરણી કરાઈ હતી.

આ પ્રસંગે ઉપસ્થિત બી.કે.ન્યૂઝ દૈનિકના તંત્રી તપનભાઈ જયસ્વાલ, દિવ્ય ભાસ્કરના રાકેશભાઈ પટેલ અને અતુલભાઈ પટેલ ઉપરાંત ભરતભાઈ સુંદેશા, સુરેશભાઈ ત્રિવેદી, આનંદભાઈ જયસ્વાલ, કાંતીલાલ લોધા, મીતેશભાઈ શાહ, મુકેશભાઈ માળી, દિનેશભાઈ મોદી, દિનેશભાઈ રાણા તેમજ અન્ય પત્રકાર મિત્રોએ પ્રેસ કલબ ઓફ ડીસાના નવા સુકાની નીતિનભાઈ પટેલ અને તેમની ટીમને અભિનંદન સાથે સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી.

# ચેક રિટર્ન મામલે તલોદના વેપારીને બે વર્ષની કેદ

તલોદ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતેની નાગરિક બેન્કમાંથી લોન (ધિરાણ) લઈને તેની રકમ નહિ ચુકવતાં એક બાકીદારના ચેક રીટર્નના ગુનામાં તલોદ ખાતેની જ્યુ. મેજિ. ફર્સ્ટક્લાસ કોર્ટે બાકીદારને ૨ વર્ષની સાદી કેદની સજા ફટકારતો હૂકમ કરતાં બેન્કોમાંથી લોન લઈ નાણાં પરત નહિ ભરતા સેંકડો બાકીદારોમાં ફફડાટની લાગણી ઉદ્દ્ભવી છે.

આજે તલોદ તાલુકાના માધવગઢના રહીશ એવા આરોપી બાકીદારને નામદાર કોર્ટે ૨ વર્ષની સાદી કેદની સજા ઉપરાંત રીટર્ન થયેલા રૂ. ૨,૧૪,૨૦૦ના ચેક સામે ચેક રકમથી બમણી રકમ એટલે કે રૂ. ૪,૨૮,૪૦૦ના દંડનો પણ કોર્ટે હૂકમ કરેલ છે. અને જો તે દંડ ન ભરે તો વધુ ૩ માસની સાદી કેદની સજાનો હૂકમ નામદાર કોર્ટના જ્યુ. મેજિ. ફર્સ્ટ ક્લાસ સુનિલ કામદારનાઓએ કરેલ છે.

આ અંગેની વિગત એવી છે કે, તલોદ નાગરિક બેન્કના સભાસદ પ્રાણલાલ પરષોત્તમદાસ પટેલ રહે. માધવગઢ, તા. તલોદનાઓએ ૧૮ વર્ષ પૂર્વે નાગરિક બેન્કમાંથી ટ્રક ખરીદવા રૂ. ૪,૧૭,૫૦૦ની લોન લીધી હતી. જે લોન બેન્કે તા. ૧૩-૪-૯૮ના રોજ મંજૂર કરી હતી. બાદ સમયાંતરે નિયમ મુજબ સમય થઈ જવા છતાં ધિરાણના નાણાં કે ચેક આપેલ ન હતો. બાદ રિકવરી નહિ આવતા બેન્કે પઠાણી ઉઘરાણી જારી રાખતાં તલોદ નાગરિક બેન્કનો જ રૂ. ૨,૧૪,૨૦૦નો ચેક પ્રાણલાલે બેન્કને આપ્યો હતો. જે ચેક તા. ૧૦-૬-૨૦૦૦ના રોજ ખાતામાં બેલેન્સ નહિ હોવાને કારણે પરત ફરેલો, બાદ, ધોરણસરની કાર્યવાહીને અંતે બેન્કના લોન ઓફિસર જગદિશ કોરડીયાએ તલોદના જાણીતા વકીલ બી.આર. પટેલ મારફત નામદાર કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરાવેલ છે. જેનો ચુકાદો આજે આ રીતે ૧૬ વર્ષ બાદ આવેલ છે.

સમાજમાં દિનપ્રતિદિન વ્યાપક બનતા જતા ગુનાની વાસ્તવિકતાને કેન્દ્રસ્થાને રાખી જોતાં ધિરાણ કરનાર બેન્ક જાહેર જનતાના નાણાંને ધિરાણ કરતી સંસ્થા છે ત્યારે આરોપીને ઓછી સજા કરવામાં આવે તો સમાજમાં આવા પ્રકારના વ્યક્તિઓને પ્રોત્સાહન મળે અને જાહેર જનતાના નાણાનો દૂરઉપયોગ થાય. નામદાર કોર્ટે આરોપી દ્વારા ભરેલ દંડની રકમ રૂ. ૨,૧૪,૨૦૦ વળતર પેટે ચુકવી આપવાનો હૂકમ પણ કરેલ છે.



ગુલામીની જંજીરોમાંથી આઝાદી અપાવનાર શહીદોની શહાદતને વંદન સાથે આઝાદીના ૭૦માં સ્વાંતત્ર્ય પર્વ ઉજવણીના ભાગરૂપે પાલનપુર શહેરમાં ત્રિરંગા યાત્રા નીકાળવામાં આવી હતી.પાલનપુર શહેર ભાજપ દ્વારા આયોજીત ત્રિરંગાયાત્રા શહેરના બેચરપુરા વિસ્તારથી પ્રસ્થાન કરવામાં આવી હતી. રાષ્ટ્રધ્વજની આન બાન શાનના જતન સાથે નીકળેલી ત્રિરંગા યાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી. જ્યાં શહેરીજનો દ્વારા ત્રિરંગા યાત્રા પર પુષ્પવર્ષા કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ત્રિરંગા યાત્રામાં ભાજપના આગેવાનો સહીત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા.

# પોશીના સેવા મંડળીના માજી મંત્રી તથા બે કલાર્કોએ ૩.૫૧ લાખની ઉચાપત કરતા ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના પોશીના સેવા સહકારી મંડળીમાં માજી મંત્રી અને બે કલાર્કોએ વર્ષ ૨૦૧૪થી ૧૬ દરમિયાન હિસાબોમાં ગેરરીતિ આચરી ૩.૫૧ લાખની હંગામી ઉચાપત કરતા કચેરીના સિનીયર કલાર્કે શનિવારે ત્રણ જણા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોશીના સેવા સહકારી મંડળીમાં વર્ષ ૨૦૧૪ થી ફરજ બજાવતા માજી મંત્રી દિનેશભાઈ માધાભાઈ પટેલે રૂા.૩૬,૭૯૦, કલાર્ક સંદીપભાઈ ફલજીભાઈ ચૌધરીએ ૧,૬૪,૩૯૩, કલાર્ક રોહતિભાઈ નારાયણભાઈ પટેલે ૧,૫૦,૫૫૮ મળી ૩.૫૧ લાખથી વધુની તત્કાલિન સમયે ફરજ દરમિયાન હંગામી ઉચાપત કરી હતી.